
# સત્સંગ વિહાર ચેલેન્જ

:: રજૂકર્તા ::
બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય
અમદાવાદ



## ૨૩. એક પણ સભા છોડવી નહીં

**કનકોટ** ગામના એક **દરબારનાં દીકરી વિધવા** થયાં. તેઓ **પાછાં પિયર** આવ્યાં ત્યારે **ભાભીઓએ** તેમને **મહેણાં** મારવા માંડ્યાં. રોજના અપમાનના શબ્દો સાંભળી તેમણે **આત્મહત્યા કરવાનું નક્કી** કર્યું. રાત્રે તેમણે આખી તાંસળી ભરીને અફીણ ઘોળ્યું. પણ જેવાં તેઓ અફીણ પીવા ગયાં કે તેમની **બહેનપણીનો સાદ** પડ્યો.

બન્યું એવું હતું કે ગામમાં મુક્તાનંદ સ્વામી આવ્યા હતા. તેથી બહેનપણી આ બહેનને **કથા સાંભળવા** બોલાવતી હતી. બહેનને થયું, 'મરતાં પહેલાં છેલ્લે સંતનાં દર્શન કરી આવું. એટલું પુણ્ય મળે પછી મરીશ.' એમ વિચારી, તાંસળી કબાટમાં મૂકી, તેઓ બહેનપણી સાથે સભામાં આવ્યાં.

સભામાં **મુક્તાનંદ સ્વામી કથા** કરતા હતા કે '**મનુષ્ય દેહ મળવો દુર્લભ છે.** તેનાથી ભક્તિ કરી મોક્ષ કરી લેવો જોઈએ. સંસારમાં સુખ-દુઃખ અને માન-અપમાન તો આવે, પણ તેનાથી ઉદાસ થવું નહિ. **આત્મહત્યા એ દુઃખનો ઉકેલ નથી. એ તો ઘોર પાપ છે.**' મુક્તાનંદ સ્વામીની વાતો સાંભળી આ બહેનને થયું, 'આ તો મારા અંતરની વાત જાણી ગયા. આમનો સત્સંગ કરવા જેવો છે.'



તેમના **અંતરમાં શાંતિ** થઈ ગઈ. તે પછી તેઓ **આત્મહત્યા કરવાનું મૂકી સત્સંગી** થયાં.

■ ■ ■

**ખંભાત**માં **સદાશિવભાઈ** નામે હરિભક્ત રહેતા હતા. તેઓ ખૂબ ધનવાન હતા. તેમણે **સાત માળની** લાકડાના નકશીકામવાળી ભવ્ય **હવેલી** બાંધી હતી. હવેલીનું બાંધકામ પૂરું થયું કે તેઓ **વરતાલ** આવ્યા. યોગાનુયોગ **ગોપાળાનંદ સ્વામી** પણ વરતાલ આવ્યા હતા. તેથી સદાશિવભાઈએ સ્વામીને જ **ઉદ્‌ઘાટન** માટે આવવા વિનંતી કરી.

પણ ગોપાળાનંદ સ્વામી ભવિષ્યનું જાણતા હતા. તેઓ કહે, 'સદાશિવભાઈ ! ઉદ્‌ઘાટનની વાત પછી, પહેલાં તમે **થોડા દિવસ અહીં રહી કથા સાંભળો**.'

સદાશિવભાઈએ સ્વામીની **આજ્ઞા માથે ચઢાવી**. સ્વામી પણ રોજ **સાંખ્યની વાતો** કરવા લાગ્યા કે '**જગત નાશવંત છે.** આ દુનિયામાં આપણે કાંઈ લઈને આવ્યા નહોતા અને કાંઈ લઈને જવાના નથી. માટે ગમે તેટલાં દુઃખ આવે, ગમે તેવું નુકસાન થાય, ભગવાનની મરજી સમજી રાજી રહેવું. હિંમત ન હારવી. દુઃખી ન થવું. **ભગવાન જે કરે છે તે સૌના ભલા માટે જ કરે છે.**'

**સતત ૭ દિવસ** સુધી **સાંખ્યની આવી વાતો** સાંભળવાથી સદાશિવભાઈને જગતના નાશવંતપણાનું અને ભગવાનના કર્તાપણાનું **જ્ઞાન દૃઢ** થઈ ગયું હતું. સાતમે દિવસે ગોપાળાનંદ સ્વામીએ તેમને એક **ચિઠ્ઠી** આપી. એ ચિઠ્ઠી સ્વામી પાસે ઘણા દિવસથી આવી હતી. તેમાં આગ લાગવાથી **હવેલી બળી ગયાના સમાચાર** હતા.

આવા સમાચાર વાંચીને પણ સદાશિવભાઈને **જરાય દુઃખ ન થયું !** તેઓ કહે, 'સ્વામી ! આપે **કથા કરી મારા અંતરની હવેલી તો ક્યારનીય બાળી નાંખી છે**. જો એમ ન થયું હોત, તો હવેલી સાથે હુંય બળી મરત.'

**આવો છે કથાવાર્તાનો પ્રતાપ !**

**સભામાં થતી કથાવાર્તાથી સમજણ દૃઢ થાય છે. અને તેનાથી જીવનની દરેક પરિસ્થિતિમાં સુખી રહી શકાય છે. માટે આપણે બાળસભા કે ઘરસભા ક્યારેય છોડવી ન જોઈએ. મોટા થઈ યુવાસભા ને સત્સંગસભામાં પણ જવું જ જોઈએ.**



સત્સંગ વિહાર ચેલેન્જ

# પાઠ : ૨૩
# એક પણ સભા છોડવી નહીં

## 'શબ્દ ઝીલો...'

ચેલેન્જ ૦૧



:: જરૂરી સામગ્રી ::
કંકુની ડબ્બી, રૂમાલ

:: કોણ જોડાશે ::
પરિવારના બધા સભ્યો

:: રીત ::
- સૌપ્રથમ તમે તમારી એક આંગળી કંકુમાં બોળો.
- ત્યારબાદ તમારી આંખ પર રૂમાલ એવી રીતે બાંધવો કે જેથી કંઇ જોઈ ન શકાય.
- તમારે તમારા પપ્પાના કપાળ પર બરાબર વચ્ચે ચાંદલો કરવાનો છે.
- તમારા પપ્પા સુધી પહોંચવા માટે તમને તમારા ભાઈ કે બહેન અડ્યા વગર દૂરથી જ દિશા સૂચવશે.
- તમારા ભાઈ કે બહેનની સૂચના પ્રમાણે જો તમે બરાબર ચાંદલો કર્યો તો તમે વિજેતા.
- આ રીતે વારાફરતી દરેક વ્યક્તિ જોડાશે.



### મનન

જો તમારા ભાઈ કે બહેનના કહેવા પ્રમાણે તમે વ્યવસ્થિત ચાલ્યા તો તમે તમારા પપ્પા સુધી પહોંચી શક્યા અને ચાંદલો કરી શક્યા. એ જ રીતે જો કથાવાર્તાના શબ્દો વ્યવસ્થિત ઝીલ્યા હોય તો આપણે પણ છેક અક્ષરધામ સુધી પહોંચી શકીએ.

## 'રક્ષાકવચ...'

ચેલેન્જ ૦૨



:: જરૂરી સામગ્રી ::
સ્પંજ બોલ અથવા
રૂમાલમાંથી બનાવેલો દડો, પાટિયું

:: કોણ જોડાશે ::
તમે અને તમારા ભાઈ-બહેન

:: રીત ::
- દાવ લેનાર વ્યક્તિએ હાથમાં પાટિયું પકડવાનું છે.
- દાવ આપનાર વ્યક્તિએ સ્પંજનો બોલ અથવા રૂમાલમાંથી બનાવેલો કોઈને વાગે નહીં તેવો બોલ લેવાનો છે.
- દાવ આપનાર વ્યક્તિએ આ બોલ દાવ લેનાર વ્યક્તિના શરીરના કોઈપણ ભાગને અડાડવાનો રહેશે. અને દાવ લેનાર વ્યક્તિએ પાટિયા વડે બોલને પોતાના શરીરને અડતો અટકાવવાનો રહેશે.
- જે સૌથી વધુ સમય સુધી બોલ રોકી શકે તે વિજેતા.



### મનન

પાટિયું જેટલું મોટું હશે તેટલી તમારી બોલથી રક્ષા વધુ થઈ. તેવી જ રીતે જીવનમાં તો ઘણાં પ્રશ્નો આપણને નડવાના છે. પરંતુ જો કથાવાર્તાના શબ્દો જેટલા વધુ સાંભળ્યા હશે તેટલી વધુ રક્ષા આપણી થશે. જેમ કે, ખંભાતના સદાશિવભાઇ.

પાઠ : ૨૩

# એક પણ સભા છોડવી નહીં

સત્સંગ વિહાર ચેલેન્જ

## 'કથાવાર્તાનો મહિમા....'

ચેલેન્જ 03



:: કોણ જોડાશે ::

માત્ર તમે

:: રીત ::

- પાઠમાં આપેલ ૨ પ્રસંગમાંથી કોઈ એક પ્રસંગ વ્યવસ્થિત તૈયાર કરી તમારે રાત્રે ઘરસભામાં તે પ્રસંગ કહેવો અને કથાવાર્તાનો મહિમા જણાવવો.
- આવતી ઓનલાઈન બાળ / બાલિકાસભામાં તેમને લાભ અપાવવો.



મનન

**સભામાં થતી કથાવાર્તાનો મહિમા સમજવો અને અન્યને પણ સમજાવવો.**

બાળમિત્રો, તમે પાઠનું વાંચન પણ કરી લીધું અને ચેલેન્જ દ્વારા તે પાઠની દૃઢતા પણ કરી લીધી.
હવે, તૈયાર થઈ જાઓ આ પાઠની પરીક્ષા આપવા માટે.
નીચે આપેલી લીંક દબાવો અને આ પાઠમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો.

ગુજરાતી Click Here

English Click Here

## પાઠ : ૨૩
# એક પણ સભા છોડવી નહીં














**બાળમિત્રો,**

**સત્સંગ વિહાર ચેલેન્જમાં આપે જે ચેલેન્જ પૂરી કરી તેનો ફોટોગ્રાફ પાડીને અમને મોકલી આપશો. હવે આગળના દિવસોમાં જે ચેલેન્જ આપને પ્રાપ્ત થશે તેમાં સિલેક્ટેડ ફોટોગ્રાફ્સ મૂકવામાં આવશે.**

**ફોટાની અંદર જ તમારું નામ અને શહેરનું નામ અવશ્ય લખીને મોકલશો.**

**નીચે આપેલ નંબર પર આપનો ફોટા Whatsapp કરશો.**

**999 899 9209**

**૧. ચેલેન્જ દીઠ એક જ ફોટોગ્રાફ મોકલશો.**

**૨. આજની ચેલેન્જ સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી કે પ્રવૃત્તિના ફોટોગ્રાફ મોકલશો નહીં.**

**જય સ્વામિનારાયણ**